## સંક્ષિપ્ત સમાચાર

### લીમખેડાના પંચમુખી હનુમાજી મંદિરે હનુમાન જન્મોત્સવ ઉલ્લાસભેર ઉજવણી



**લીમખેડા :** પ્રભુ શ્રીરામના પરમ ભક્ત શ્રી હનુમાનજીના જન્મોત્સવ નિમિત્તે પંચમુખી હનુમાનજી મંદિર પાલ્લી લીમખેડા ખાતે જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ શુભ પ્રસંગે મહાભિષેક, મારુતિ યજ્ઞ, 56 ભોગ દર્શન, મહાઆરતી તથા મહા પ્રસાદીનો ભવ્ય કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.

### ચલાલીનો યુવાન અગ્નિવીર આર્મીની તાલીમ પૂર્ણ કરી વતન આવતા સ્વાગત



**કાલોલ :** પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ચલાલી ગામે અંદાજિત 30 વર્ષ પછી આ યુવાન આર્મીમાં સિલેક્ટ થઇ ટ્રેનિંગ પૂર્ણ કરી માદરે વતનમાં પાછા આવ્યા ત્યારે ગામમાં ખુશીનો માહોલ જામ્યો હતો ચલાલી ગામના હર્ષદકુમાર લક્ષ્મણભાઈ ચૌહાણ નાનપણ થી ભારતીય સૈન્ય માં જોડાવાનું સ્વપ્ન જોતા હતા માતા - મામાં અને પરિવાર ના સહકાર અને સખ્ત પરિશ્રમ બાદ આ રાજપૂત સમાજના યુવાન નું સપનું સાકાર થયું છે તેઓ ફૌજ ની ટ્રેનીંગ પૂર્ણ કરી વતન પરત આવ્યા ત્યારે ચલાલી ગામના સમસ્ત ગ્રામજનો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું

### સંજેલી તાલુકામાં વાણિયાઘાટી સંકટમોચન હનુમાન મંદિરે હનુમાન જન્મોત્સવની ઉજવણી



**સંજેલી :** સંજેલી તાલુકામાં ઠેરઠેર હનુમાન જન્મોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા જેમાં વહેલી સવારથી જ મંદિરે ભક્તોની ભીડ જોવા મળી હતી ત્યારે દિવસ દરમિયાન ભજન કીર્તન સત્સંગ સહિતના કાર્યક્રમ યોજાયા હતા જેમાં મહા આરતી મહાપ્રસાદી નું પણ આયોજન કરવામાં આવ્યું હતું વાણિયાઘાટી મંદિર તેમજ મીલ વાળા મંદિરે ભજન તેમજ આરતી સાથે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો.

### ફતેપુરાના આફવા વાલ્મિકી વાસ ખાતે શ્રી રામ દરબાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



**સુખસર :** સુખસરઃ-ફતેપુરા તાલુકાના આફવા ખાતે આવેલ વાલ્મિકી વાસ ખાતે આજરોજ શ્રી રામ દરબાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.જેમાં વાલ્મિકી સમાજ સહિત અન્ય હિન્દુ સમાજના શ્રદ્ધાળુ ભક્તો વિશાળ સંખ્યામાં હાજર રહી શ્રી રામ દરબાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો લાભ લીધો હતો. આગામી 27 એપ્રિલ 2024 ના રોજ રાત્રિના 8:00 કલાકે ગોપાલભાઈ સાધુના કંઠે લોક ડાયરાનું આયોજન પણ કરવામાં આવેલ છે. જેમાં શ્રદ્ધાળુ ભક્તોને પધારવા જાહેર આમંત્રણ પણ આપવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.

---

**અનાજનો જથ્થો 1 થી 10 તારીખમાં આવવો જોઇએ તે મહિનાના આખરે આવતા ગ્રાહકોને હાલાકી**

# સિંગવડ તાલુકામાં સસ્તા અનાજની દુકાનોમાં પુરવઠો છેલ્લી તારીખોમાં આવતો હોવાની બૂમો

**ઘણીવાર** તો દુકાનમાં અનાજનો જથ્થો ક્યારે આવે અને પુરો પણ થઇ જાય તેની ગ્રાહકોને જાણ પણ હોતી નથી



(પ્રતિનિધિ) સિંગવડ,તા,24

સિંગવડ તાલુકાના સસ્તા અનાજની દુકાનોમાં પુરવઠો છેલ્લી તારીખોમાં આવતો હોવાની બૂમો ઊઠવા પામી સિંગવડ તાલુકામાં સસ્તા અનાજની દુકાનોમાં અનાજનો પુરવઠો ખરેખર 1 થી 10 તારીખમાં આવવો જોઈએ તો તે અનાજનો જથ્થો રેશનકાર્ડ ધારકોને સમયસર મળી જવો જોઈએ તેની જગ્યાએ સસ્તા અનાજ ની દુકાનોમાં મહિનાની છેલ્લી તારીખોમાં અનાજનો જથ્થો આવતો હોવાને લીધે તે અનાજનો જથ્થો ક્યારે આપમાવા માં આવે તેની રેશનકાર્ડ ધારકોને ખબર પડતી નથી જ્યારે ઘણા ખરા રેશનકાર્ડ ધારકો તો આ કેન્દ્ર સરકાર માંથી મળતું મફત અનાજ માંથી ભૂલે પડતા હોય છે

જ્યારે આ રેશનકાર્ડ ધારકોને તેમનું અનાજ છેલ્લી તારીખોમાં આપવામાં આવતું હોય છે તો તે ઘણી વખતે બીજા મહિનામાં પણ અનાજની ખતવણી થતી હોય છે જેના લીધે જે પાછલા મહિનાનું અનાજ તે તેમને મળતું જ નથી જ્યારે સસ્તા અનાજ ની દુકાનોમાં ખરેખર અનાજ વહેલું અપાઈ જાય તો તે અનાજ રેશનકાર્ડ ધારકોને કામ લાગે તેમ પરંતુ સરકારી તંત્રની અને સરકારી દુકાનદારોની મિલીભગત ના લીધે આ અનાજનો જથ્થો ગોડાઉન માંથી જ વહેલો નહીં આપીને તે જથ્થો મહિનાના છેલ્લા દિવસમાં આપવામાં આવે તેથી જે પણ રેશનકાર્ડ ધારકોને અનાજ આવે તે ખબર પડે તો તે લઈ શકે અને રેશનકાર્ડ ધારકો રહી જાય તે બીજા મહિના આપે એટલે જે રેશનકાર્ડ ધારકો રહી જાય તેમનુ અનાજ બારોબાર વેચી નાખીને દુકાનદાર રૂપિયા ઉભા કરી લેતા હોય છે જ્યારે ખરેખર આ જથ્થો સરકારી ગોડાઉન માંથી વહેલો આવે તો તે સસ્તા અનાજનો જથ્થો બધા જ રેશનકાર્ડ ધારકોને મળી શકે તેમ છે પરંતુ બધા સરકારી તંત્રની મિલી ભગતના લીધે તેનો ભોગ રેશનકાર્ડ ધારક બનતો હોય તેમ છે સિંગવડ તાલુકાના રેશનકાર્ડ ધારકોની માંગ છે કે અનાજનો જથ્થો પૂરેપૂરો એક સાથે આવે અને 1થી 10 તારીખમાં આવે તો ટાઈમ થી રેશનકાર્ડ રેશનિંગ દુકાનદારો દ્વારા આપવામાં આવે તો અનાજનો જથ્થો બધા જ રેશનકાર્ડ ધારકોને મળી શકે તેમ છે માટે સરકારી તંત્ર દ્વારા પણ આની તટસ્થ તપાસ કરીને એના રેશનકાર્ડ ધારકોને ટાઈમથી મળે તેવી રેશનકાર્ડ ધારકોની માંગ ઉઠવા પામી છે

---

### જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ રેલી યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા,24

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં સમગ્ર વડોદરા જિલ્લામાં મહત્તમ મતદાન થાય અને કોઈ પણ મતદાર મતદાનની પવિત્ર ફરજથી વંચિત ન રહે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી બિજલ શાહના માર્ગદર્શન હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર હેઠળ વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરાના માર્ગદર્શનમાં ટીમ સ્વીપના પ્રયાસોથી આઈ. સી. ડી. એસ. વિભાગ દ્વારા મહિલાઓએ રેલી યોજી મતદાન જાગૃતિનો સંદેશ ફેલાવ્યો હતો. મતદાન જાગૃતિ રેલી યોજી હતી. જેમાં ગ્રામ્યની વિસ્તારની મહિલાઓ હોંશભેર જોડાઈ હતી. 'હું મતદાન કરીશ અને કરાવીશ', 'મતદાર લોકશાહીનો રાજા છે', 'મારો મત, મારી તાકાત' જેવા વિવિધ પ્લેકાર્ડ સાથે મહિલાઓએ મતદાન જાગૃતિનો પ્રચાર-પ્રસાર કર્યો હતો.

---

**ગબાડા પો.મથકની હદમાં ગુનાઓ નોધાયા હતા**

## દાહોદમાં 3 લિસ્ટેડ બુટલેગરોને પાસા હેઠળ ધકેલતી એલસીબી

(પ્રતિનિધિ) દાહોદ, તા,24

પ્રોહિબિશનની અસામાજિક પ્રવૃત્તિમાં સંડોવાયેલ ત્રણ પ્રોહી બુટલેગરોને પાસા ધારા હેઠળ દાહોદ એલસીબી પોલીસે અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ, જિલ્લા જેલ ભાવનગર તેમજ જિલ્લા જેલ જામનગર ખાતે મોકલી આપ્યાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર દારૂ ઘૂસડવાની તેમજ હેરાફેરી કરી પ્રોહીના ગુનામાં સંડોવાયેલ ઈસમો તેમજ લિસ્ટેડ બુટલેગરોની દાહોદ પોલીસે આયોજન બંધ યાદી તૈયાર કરવા તેમજ ઘણા લાંબા સમયથી પાછા વોરંટ ફરાર આરોપીઓની માહિતી એકત્રિત કરી તેઓને ઝડપી પાડવા માટે દાહોદ એલસીબી પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરતા જેમાં લીમખેડા, દાહોદ રૂરલ તેમજ ગરબાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબિશનના ગુનામાં સંડોવાયેલ પ્રોહી બુટલેગરો વિરુદ્ધ દાહોદ જિલ્લા કલેકટર દ્વારા પાસા વોરંટ કરી અટકાયત કરવાનો હુકમ કરતા દાહોદ એલસીબી પોલીસે નીતિનભાઈ જંગલસિંહ તડવી (રહે. ચિલાકોટા, જૂનાગામ ફળિયું, તા. લીમખેડા, જિ. દાહોદ), જયભાઈ લાલુભાઈ બારીયા (રહે. ચોસાલા, રવાળા ફળિયુ, તા. જી. દાહોદ) ઝાલાભાઇ ઉર્ફે જાલાભાઇ હરસિંગભાઈ દેહદા (રહે. દેવધા, ખાનનદી ફળીયું લ, તા. ગરબાડા, જિ. દાહોદ) નાઓને તેઓના આશ્રય સ્થાનેથી દાહોદ એલસીબી પોલીસે ઝડપી પાડી મધ્યસ્થ જેલ રાજકોટ, જિલ્લા જેલ ભાવનગર તેમજ જિલ્લા જેલ જામનગર ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.

---

### બિયારણની ખરીદી કરતા સમયે ખેડૂતોએ છેતરપીંડીથી બચવા સાવધાન રહેવુ

(પ્રતિનિધિ) વડોદરા, તા,24

વડોદરા જિલ્લાના તમામ ખેડૂતોએ આગામી ખરીફ ઋતુમાં પાક વાવેતર માટે બિયારણ ખરીદી કરતી વખતે કેટલીક કાળજી રાખવાની થતી હોય છે. વડોદરાના નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)ના જણાવ્યા અનુસાર ખેડૂતોએ બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ કે પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો જોઈએ.

પેઢી કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી નહી. વધુમાં જણાવ્યાનુસાર બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનો લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું અને જે બિયારણ ખરીદેલ હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને તેની મુદત પૂરી થવાની વિગત દર્શાવતું બીલ સહી સાથે લેવાનો આગ્રહ રાખવો.

---

**જીલ્લા પ્રમુખની કામગીરી સામે સ્થાનિક કાર્યકરે બળાપો ઠાલવ્યો**

## કાલોલ ખાતે ભાજપ કાર્યાલયના પ્રારંભે જ કાર્યકરે સવાલો ઉઠાવ્યા

**ચાલુ** સભામાં ભાજપ કાર્યકરે વીડીયોગ્રાફી કરી

(પ્રતિનિધિ) કાલોલ,તા,24



આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈ ભાજપના કાર્યાલય નું કાલોલ ખાતે પ્રચાર અર્થે ધારેલનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું જેમાં ભાજપ કાર્યાલયના ઉદ્ઘાટનમાં ભાજપ જિલ્લા પ્રમુખ તેમજ અન્ય કાર્યકરો અને નેતા હાજર રહ્યા હતા આ આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ નું પ્રવચન ચાલુ હતું તે દરમિયાન કાલોલના ભાજપના કાર્ય કરે ચાલુ સભામાં જિલ્લા ભાજપ પ્રમુખને સવાલોનો મારો ચલાવ્યો હતો આ દરમિયાન કાર્ય કરે વિડીયો શુટીંગ કરતા અચાનક કાર્યક્રમની આભાર વિધિ માની જિલ્લા પ્રમુખ સ્થળેથી રવાના થઈ ગયા હતા પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભારતીય જનતા પાર્ટી માટે સૌથી સલામત કહેવાતા 127 કાલોલ વિધાનસભા મત વિસ્તારમાં લોકસભાની ચૂંટણી ના કાર્યાલય ના ઉદ્ઘાટન પ્રસંગે કાલોલ મતવિસ્તારના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, સહિત તાલુકા અને નગર મંડળના હોદેદારો અને પાયાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જોકે જીલ્લા ભાજપ પ્રમુખ અશ્વિન પટેલ ના સંબોધન બાદ ડેરોલ સ્ટેશન ના કૃણાલ બ્રહ્મભટ્ટ દ્વારા મોબાઈલ ચાલુ રાખી મારે એક પ્રશ્ન પૂછવો છે તેમ કહીને જિલ્લા પ્રમુખ દ્વારા યુવાનોના પ્રશ્નમાં ભારે ઉદાસીનતા દાખવતા હોવાની ફરિયાદ કરી હતી વધુમાં ટોટો કંપનીના 600 જેટલા કામદારો કેટલાય સમયથી હડતાલ પર ઉતર્યા છે ત્યારે તેમજ સણસોલી ના યુવાનોને પોલીસ દ્વારા માર મારવામાં આવ્યો છે તે બાબતે તેમજ ડેરોલ સ્ટેશનના નાળામાં પાણી ભરાઈ ગયું હતું.

ત્યારે સતત આ બધા મુદ્દાઓમાં જિલ્લા પ્રમુખ સહિત તમામ હોદેદારો ને ટેલીફોન કરી ઘટતું કરવા અને મુલાકાત લેવા જણાવ્યું હતું તેમ છતાં પણ જિલ્લા પ્રમુખ કે કોઈ પણ હોદેદાર આ સ્થળે ફરકયા ન હતા. અમોને મોદી સામે કોઈ વિરોધ નથી પણ આવા જીલ્લા પ્રમુખો સામે સખત વિરોધ છે

---

**પાછલા એક વર્ષ પતિ મારઝુડ કરતો હોવાથી પરિણિતા ત્રાસી હતી**

## ઝાલોદમાં પરિણિતાને ત્રાસ ગુજારાતા પતિ-સાસરીયાઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) દાહોદ,તા,24

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના પ્રથમપુર ગામે તળ ફળિયામાં રહેતી ૩૨ વર્ષીય પિંકલબેન નામની નોકરીયાત મહિલાના ફૂલહાર તારીખ ૧૧- ૫-૨૦૨૩ ના રોજ તેઓના સમાજના રીતરિવાજ મુજબ ઝાલોદના સંતરામપુર રોડ પર આવેલ સૂચિત કર્મચારી સોસાયટીમાં રહેતા અભિષેકભાઈ જીગ્નેશભાઈ કટારા સાથે થયા હતા. લગ્ન બાદ સાસરીમાં આવેલ પિંકલબેનને તેના પતિ તથા સાસુ, સસરા તેમજ દિયરે એકાદમાસ સારું રાખ્યું હતું. અને ત્યારબાદ તે સૌનું પોત પ્રકાશ્યું હતું. જેમાં છેલ્લા એક વર્ષથી નજીવી બાબતે ઝઘડો તકરાર કરી મારકૂટ કરી તથા જાનથી મારી નાખવાની ધાક ધમકીઓ આપી પતિ તથા સાસરિયાંઓ દ્વારા ગુજારાતા શારીરિક અને માનસિક ત્રાસથી વાજ આવેલ ઝાલોદની ૩૨ વર્ષીય પરિણીતાએ દાહોદ મહિલા પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધાવ્યાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

દરમિયાન પિંકલબેનના સસરા જીગ્નેશભાઈ જેમ્સભાઈ કટારા, તેની સાસુ ઈન્વેન લીનાબેન જીગ્નેશભાઈ કટારા તથા દિયર આશુતોષભાઈ જીગ્નેશભાઈ કટારા વગેરેની ચડામણીથી તેના પતિ અભિષેકભાઈ કટારાએ નજીવી બાબતે પણ ઝઘડા તકરાર કરી મારકૂટ કરી તથા જાનથી મારી નાખવાની ધાક ધમકીઓ આપી શારીરિક અને માનસિક ત્રાસ ગુજારતા હોઇ, આવા રોજ રોજના ત્રાસથી વાજ આવેલ પિંકલબેને તેના પતિ અભિષેકભાઈ કટારા, સસરા જીગ્નેશભાઈ કટારા, સાસુ ઈન્વેનલીનાબેન કટારા તેમજ દિયર આશુતોષ કટારા વિરુદ્ધ દાહોદ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ઈપીકો કલમ ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬, ૧૧૪ મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

---

### હાલોલ સાવલીરોડ પર ઘંટીયાળ ગામે ઘાસ ભરેલી આઇસરમાં આગ લાગતાં આઇસર બળીને ખાખ થઈ



**હાલોલ :** હાલોલ તેમજ સાવલી તાલુકાની સરહદે આવેલ ઘંટિયાળ ગામે આજે બુધવારે સાંજે 5:30 વાગ્યાના સુમારે એક ખેતરમાંથી પસાર થઈ રહેલી ઘાસ ભરેલી એક આઇસર ગાડીમાં ભીષણ આગ લાગવાની ઘટના બનવા પામી હતી જેને લઈને દોડધામ સાથે અફરા તફરી ફેલાઇ હતી જેમાં ખેતરમાંથી આઇસર ગાડી પસાર થઈ રહી હતી ત્યારે આઇસર ગાડીની બોડીમાં ભરેલા સૂકા ઘાસ જથ્થામાં કોઈ કારણસર એકાએક આગ લાગવાની ઘટના બની હતી.જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા ભીષણ આગની જ્વાળાઓ ટેમ્પો બળીને ખાખ થઇ ગયો હતો.

---

## ફતેપુરા તાલુકાના ફતેગડીની સગર્ભા મહિલાની 108 એમ્બ્યુલન્સમાં જ સફળ પ્રસૂતિ કરાવી

**મહિલાને** પૂસુતિની પીડા ઉપડતાં 108ની મદદ લીધી હતી

(પ્રતિનિધિ). સુખસર,તા.24

ફતેપુરા તાલુકાના ફતેગડી ગામના સ્થાનિક સગર્ભા મહિલાને સાંજના સમયે પ્રસુતિની પીડા ઉપડતાં 108 ની મદદ લેવામાં આવી હતી.ત્યારે નજીકની એમ્બ્યુલન્સ સુખસર 108 ની ટીમને સાંજના લગભગ 18:40 વાગે કેસ મળતા 108 ના ઈમરજન્સી મેડિકલ ટેકનીશ્યન લીલાબેન તાવિયાડ અને પાયલોટ રાજપાલસિહ ચૌહાણ નાઓ તાત્કાલિક ફતેગડી ગામે પહોંચ્યા હતા. સ્થળ ઉપર પહોંચી સગર્ભા મહિલાને તપાસતા જોયું કે પ્રસૂતિનો દુખાવો ખૂબ વધારે હતો.અને તાત્કાલિક ડિલિવરી કરાવવાની ફરજ પડે તેમ હતું. તેથી પ્રસૂતાની એમ્બ્યુલન્સ માંજ પ્રસૂતિ કરાવવાની ફરજ પડી હતી.108 કોલ કેન્ટર ના ERCP ફિજીસિયન Dr.Maheta Mem ના માર્ગદર્શનથી અને EMT લીલાબેન તાવિયાડ અને પાયલોટ રાજપાલસિહ ની સૂઝબૂઝથી સગર્ભા બહેનની એમ્બ્યુલન્સ માંજ બહુ કાળજી પૂર્વક નોર્મલ પ્રસૂતિ કરાવેલ હતી. અને નવજાત શિશુને જન્મ આપ્યો હતો. સારવાર આપતા આપતા સરકારી દવાખાના ફતેપુરા ખાતે લઈ ગયા હતા . હાલ માતા અને બાળક બંનેની તબિયત સ્થિર અને તંદુરસ્ત છે.ફતેપુરા સરકારી દવખાનાના ડોક્ટરને બધી તકલીફ જણાવી અને માતા અને બાળકને દાખલ કરીને ત્યાથી રવાના થયા હતા.



---

### ફતેપુરાના જવેસી ગામે ધાબા પરથી પગ લપસતા યુવકનુ મોત

(પ્રતિનિધિ) ફતેપુરા,તા,24

દાહોદ જિલ્લાના ફતેપુરાના જવેસી ગામના ૩૦ વર્ષીય રાકેશભાઈ વીરસિંગભાઈ ભેદી અને તેની પત્ની પરમદિવસ તારીખ ૨૨મી એપ્રિલના રોજ રાત્રિના સમયે જમી પરવારી પોતાના ઘરના આંગણામાં ખાટલા ઢાળી સુતા હતા. મોડી રાતે વાદળછાયુ વાતાવરણ થતા પોતાના ઘરના પાળાફિટ વગરના ધાબા પર સૂકવેલા ઘઉં ઉપર તાડપત્રી ઢાંકવા માટે રાકેશભાઈ ભેદી પોતાના ઘરના પાળાફિટ વગરના ધાબા પર ગયા હતા. અને ઘઉં પર તાડપત્રી ઢાંકી રહ્યા હતા. તે દરમિયાન અચાનક તેઓનો પગ લપસી જતા તેઓ ધાબા પરથી ઉંધા માથે નીચે પટાકાતા તેઓને માથામાં પાછળના ભાગે ગંભીરજીવલેણ ઈજાઓ થતા તેઓને સારવાર માટે તાબડતોબ નજીકના સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જે અંગે સુખસર પોલીસ સ્ટેશન મથકે જાણ કરતા આ સંદર્ભે પોલીસે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.